બીકેસી-૧૦૪ લઘુમતિ જાતિની બહેનોને શિવણની તાલીમ માટે સીલાઇ મશીન ખરીદી સહાયમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૪/૮૨૮૯૯૦/અ
સચિવાલય,ગાંધીનગર.
તા.૨૫/૩/૨૦૧૫

વંચાણે લીધાઃ-

(૧) સમાજ કલ્યાણ વિભાગના તા.૪/૩/૧૯૮૯ના ઠરાવ ક્રમાંકઃ લધસ/૧૦૮૯/૪૭૧/લ
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧/૧૨/૨૦૦૧ના ઠરાવ ક્રમાંકઃસશપ/૧૧૨૦૦૧/ન.બા.૨/અ
(૩) નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતાનો તા.૨૦/૧૧/૨૦૧૪ના પત્રક્રમાંકઃ વિજાક/શિક્ષણ/ન.બા./૨૦૧૫-૧૬/૪૧૦૯

ઠરાવઃ-

વંચાણ હેઠળના ક્રમાંકઃ(૧) માં દર્શાવવામાં આવેલ ઠરાવથી સમાજ કલ્યાણ વિભાગ હસ્તક ચલાવવામાં આવતા શિવણવર્ગોમાં લઘુમતિ વર્ગની બહેનોને છ માસના તાલીમ વર્ગ માટે માસિક રૂ.૧૫૦/- વૃતિકા આપવાનું નકકી કરવામાં આવેલ હતુ. તેમજ વંચાણ હેઠળના ક્રમાંક (૨) માં દર્શાવેલ ઠરાવથી વિકસતિ જાતી કલ્યાણ ખાતાના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટેના તાલીમ વર્ગોમાં તાલીમ લેતી લઘુમતિ જાતિની બહેનોને છ માસ માટેના તાલીમ વર્ગ માટે રૂ.૨૫૦/- પ્રતિમાસ વૃતિકા આપવાનું અને સફળ તાલીમાર્થી બહેનોને સિલાઇ મશીન ખરીદવા માટે સિલાઇ મશીનની કિંમતના ૫૦% અથવા રૂ.૧૫૦૦/- પૈકી જે ઓછુ હોય તેટલી રકમની મશીન સહાય આપવાનું નકકી કરવામાં આવેલ છે. વંચાણ હેઠળના ક્રમાંક (૩) માં દર્શાવેલ નિયામકશ્રી વિકસતિ જાતિ કલ્યાણના પત્રથી સિલાઇ મશીન ખરીદી સહાયમાં વધારો કરવા માટે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજુરી આપવાની બાબત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટેના તાલીમ વર્ગોમાં તાલીમ લેતી લઘુમતિ જાતિની સફળ તાલીમાર્થી બહેનોને સિલાઇ મશીન ખરીદવા માટે રૂ.૬૦૦૦/- ની રકમની મશીન સહાય ચૂકવવા વર્ષ ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ.૧.૯૩ લાખ(અંકે રૂપિયા એક લાખ તાંણુ હજાર પુરા)ની જોગવાઇની ખર્ચ કરવા નીચેની શરતોએ આથી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ બાબતે વહીવટી મંજુરી અંગેના જરૂરી હુકમો કર્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.
(૨) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ મંજુરી અનવયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ અંગેનો ખર્ચ માગણી ક્રમાંકઃ૯૨, મુખ્ય સદરઃ૨૨૨૫ અનુ.જાતિ, અનુ.જનજાતિ અને અન્ય પછાત વર્ગનૂં કલ્યાણ, ગૌણ સદર-૧૦૨ આર્થિક વિકાસ, પેટા સદર-બીકેસી ૧૦૪ મહિલા શિવણ વર્ગો(લઘુમતિ જાતિ)માટેનાણાકીય સહાય હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સચિવશ્રી(ખર્ચ)ની તા.૧૯/૩/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

(જે.વી.દેસાઇ)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય,ગાંધીનગર.

નકલ રવાનાઃ-

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૧, સચિવાલય,ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(સાશૈપવ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૨, સચિવાલય,ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- તમામ જિલ્લા નાયબ નિયામક/જિલલા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા).
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.) સચિવાલય,ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ શાખા/ ના.સે.અધિ.શ્રી

(૩) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ મંજુરી અનવયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ અંગેનો ખર્ચ માગણી ક્રમાંકઃ૯૨, મુખ્ય સદરઃ૨૨૨૫ અનુ.જાતિ, અનુ.જનજાતિ અને અન્ય પછાત વર્ગનૂં કલ્યાણ, ગૌણ સદર-૧૦૨ આર્થિક વિકાસ, પેટા સદર-બીકેસી ૧૦૪ મહિલા શિવણ વર્ગો(લઘુમતિ જાતિ)માટેનાણાકીય સહાય હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સચિવશ્રી(ખર્ચ)ની તા.૧૯/૩/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

(જે.વી.દેસાઇ)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય,ગાંધીનગર.

નકલ રવાનાઃ-

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૧, સચિવાલય,ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(સાશૈપવ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૨, સચિવાલય,ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- તમામ જિલ્લા નાયબ નિયામક/જિલલા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા).
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.) સચિવાલય,ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ શાખા/ ના.સે.અધિ.શ્રી